**અમદાવાદનાં મહે. એડી. ચીફ મેટ્રો. મેજી. સાહેબની ને.ઇ. એકટની કોર્ટ નં. ૨૮ અમદાવાદ**

**ફોજદારી કેસ નં.51729/2021**

ફરિયાદી– રમેશભાઇ કેશવલાલ પટેલ

વિરુદ્ધ

આરોપી- અતુલકુમાર મહેશભાઇ જોષી

**– આંક–૧ લગત હુકમ –**

૧. ફરીયાદી દ્ધારા ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની પ્રાઇવેટ ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ.

૨. સદર કામે ફરીયાદી તથા તેમનાં વિદ્ધાન વકીલશ્રી દ્ધારા હાલની ફરીયાદ આગળ ચલાવવા માંગતાં ન હોવાની રજુઆત કરેલ છે તેમજ હાલની ફરીયાદ બિનશરતી વિડ્રો કરવા માંગતાં હોવાની પુરસીસ રજુ કરેલ છે. જેથી, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ને ધ્યાને લેતાં, હાલનાં કામે ફરીયાદી તથા આરોપી વચ્ચે કોર્ટ બહાર સમાધાન થઇ ગયેલ હોઇ, ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૭ મુજબ હાલની ફરીયાદ માંડવાળ થવાને પાત્ર હોઇ, હાલની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૭ હેઠળ વિડ્રો કરવા ફરીયાદીને પરવાનગી આપવામાં આવે છે તથા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. હાલનો કેસ વિડ્રોથી કેંસલ કરવામાં આવે છે

હુકમ આજ રોજ તા. ૧૧મી, માહે ડિસેમ્બર, સને ૨૦૨૧ ના રોજ લોક–અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૧૨/૨૦૨૧
મુકામઃ અમદાવાદ

(સલીમબાદશાહ ઇકબાલ પટેલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઇ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ
કોડ નં. જીજે ૦૧૦૯૬